EDII

Divya Bhaskar

May 25, 2017
Page No.1
On City Bhaskar

# EDII જીત્યુ 'પોર્ટર પ્રાઈઝ 2017'



સિટી રિપોર્ટર @ahm_cb

હાર્વર્ડ બિઝનેસ સ્કૂલના બિશપ વિલિયમ લોરેન્સ યુનિવર્સિટીના પ્રોફેસર પ્રો. માઈકલ ઈ પોર્ટરના નામે 'પોર્ટર પ્રાઈઝ 2017' એવોર્ડ આપવામાં આવે છે. જેમાં ભારતમાં કોર્પોરેટ ક્ષેત્રના અગ્રણીઓની વ્યૂહાત્મક ક્ષમતાઓ અને ઉદ્યોગજગતના લોકોને શિક્ષણ અને તાલીમ શૈક્ષણિક સેવાઓ બદલ એનાયત કરવામાં આવે છે. હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ સાથે જોડાયેલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પિટિટિવનેસ, ઈન્ડિયા ચેપ્ટર દ્વારા 2017નું 'પોર્ટર પ્રાઈઝ' આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ને આપવામાં આવ્યો છે. આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેશન અને સ્ટાર્ટઅપ ફ્રેન્ડલી એજ્યુકેશન શૈક્ષણિક સેવાઓ માટે સ્પર્ધાના નિયમોમાં સુધારા કરવા બદલ ઈન્સ્ટિટ્યૂટને આ પ્રાઈઝ આપવામાં આવ્યું છે. ઈડીઆઈઆઈના ડિરેક્ટર ડો. સુનીલ શુક્લાને પોર્ટર પ્રાઈઝ આપવામાં આવ્યું હતું.